દિલ્હીથી પ્રકાશિત ગુજરાતી પાક્ષિક 'ગુજરાતધારા'ના પ્રકાશનનાં એકવીસ વર્ષ અવસરે

પ્રકાશક-તંત્રી અને વાચકો સાથે ગોષ્ઠિનો અનોખો ઓનલાઈન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૧૮

આજે અંગ્રેજી ભાષાનો કાળો કેર વર્તાઈ રહ્યો છે ત્યારે ગુજરાતી ભાષાને વરેલાં સંસ્કારનિષ્ઠ સામયિકો માતૃભાષા જતન સંવર્ધનની દિશામાં દીવાદાંડી સમાન બની રહયાં છે. દુર્ભાગ્યે એવાં સામયિકોની સંખ્યા બહુ જૂજ રહી ગઈ છે પરંતુ બિનગુજરાતી પ્રદેશમાં વસતા ગુજરાતીઓ માટે આવું સામાયિક તેઓને ભાષા-સંસ્કૃતિને તાણેવાણે સાંકળી રાખવાનું સબળ માધ્યમ બની રહે છે. પાછલાં એકવીસ વર્ષથી દિલ્હીમાં પ્રકાશિત થતું પાક્ષિક આનું એક ઉલ્લેખનીય ઉદાહરણ છે.' પીઠ ગુજરાતી સાહિત્યકાર અને પ્રખર વિચારક ડો. કેશુભાઈ દેસાઈએ એક ઓનલાઈન ગોષ્ઠીસભામાં આ ઉદગાર વ્યક્ત કર્યા. ડો. દેસાઈના સાન્નિધ્યમાં તંત્રી-પ્રકાશક વિરાટ શાહ સાથે મુલાકાતના વિશેષ કાર્યક્રમ રવિવારે ઝૂમ મીટિંગ્સ પર યોજાયો હતો. જાણીતા પત્રકાર અને પોઝિટિવ સ્ટોરી લેખનના પ્રણેતા સર્જક રમેશ તન્નાએ પ્રાસંગિક ભૂમિકામાં જણાવ્યું કે 'ગુજરાતીઓ ગુજરાત બહાર જ્યાં ક્યાંય પણ વસે છે પત્રકારત્વનું ખેડાણ અવશ્ય કરે છે એના અનેક દાખલાઓ ઈતિહાસમાં છે. સાહિત્ય એક વર્ગનો વિષય છે અને પત્રકારત્વ એ લોકસમૂહનો વિષય છે. બહુ વિશાળ સંખ્યામાં સર્વપ્રકારના સમૂહ સુધી પહોંચવા અખબાર બહુ અસરકારક સાધન છે. દિલ્હીમાં 'ગુજરાતધારા' સામયિક શરુ કરીને એને બે દાયકા ઉપરાંત નિયમિત સતત ચલાવ્યે રાખીને વિરાટ શાહે રાજધાનીના ગુજરાતીઓને વાંચન તાંતણે જોડી રાખ્યા છે અને એક અનોખા સાહસિક પ્રકાશન ઉદ્યમી તરીકે દિલ્હીની બહાર પણ એમના આ પ્રદાનની સુવાસ ફેલાઈ છે.'

નવી દિલ્હીથી ઓનલાઈન સાપ્તાહિક ઉપક્રમ 'મારી ભાષા ગુજરાતી 'અંતર્ગત આ ગોષ્ઠી યોજાઈ હતી. આ પ્રસંગે દિલ્હીના અગ્રણી ગુજરાતી જગદીપ રાણાએ કહ્યું કે 'ગુજરાતધારા' દિલ્હીમાં છેલ્લા બે દાયકાથી ગુજરાતીઓનું એક પ્રતીકચિહ્ન આઇકન સમાન બની ગયેલ છે; અને આ કડીમાં 'મારી ભાષા ગુજરાતી' કાર્યક્રમ પણ હવે એક પ્રતીકચિહ્ન બની રહેલ છે. જાણીતા ઝવેરી વિમલ જેઠાએ કહ્યું કે સમાજમાં ગુજરાતી ભાષા અને વાંચનનો નાતો સુદૃઢ રહે તે માટે વિરાટ શાહની ધગશ અને અવીર્ત પ્રયાસથી સામાજિક સેવાની બાબતે એક અનોખી કેડી કંડારાઈ છે. ગુજરાતધારા પ્રકાશનયાત્રાના શરૂઆતથી સાક્ષી રહેલ નવી દિલ્હી ગુજરાતી કલબના પ્રમુખ મેહુલ કાપડિયાએ કહ્યું કે બે દાયકા અગાઉ જયારે દિલ્હીમાં ગુજરાતીઓ માટે સૌને માટેની વાંચનસામગ્રી પીરસતું એકેય મેગેઝીન નહોતું ત્યારે આ સામયિક શરુ થયેલ જે આજેપણ અડીખમ ગતિમાન છે એ ગૌરવની ઘટના છે. મનોજ બારોટે કહ્યું કે વેરાન રણમાં છલકાતી મીઠી વીરડી સમાન બની રહેલ 'ગુજરાતધારા' સામયિક વર્ષોથી એક શુદ્ધ સાત્વિક જળની પરબની ભૂમિકામાં રહ્યું છે.

૧૦૦ મિનિટ પ્રોગ્રામ મંચ પર આયોજિત કાર્યક્રમ સંયોજક ભાગ્યેન્દ્ર પટેલે કહ્યું કે 'કાગળ પર મુદ્રિત સામયિક તેના દર નવા અંક સાથે બારણે કાગળ-શ્યાહીની આકર્ષક મહેક સાથે સાહિત્યની સરવાણી લઈને આવે છે અને 'ગુજરાતધારા' પાક્ષિક દિલ્હીમાં વસતા ગુજરાતી પરિવારોમાં ઘરના દીવાનખંડમાં નિત્ય વસતું એક અભિન્ન વાંચન-પ્રદર્શન સોગાદરૂપ બની ગયું છે.' ડિજિટલની સાથોસાથ એની મુદ્રિત આવૃત્તિ પણ હંમેશની જેમ પ્રકાશિત રહે એવી ભાવસભર લાગણી કાયક્રમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ વાચકો-શુભેચ્છકો તરફથી તંત્રી-પ્રકાશકને પાઠવવામાં આવી હતી. દિલ્હીથી દશરથલાલ શાહ, નંદલાલ ગઢીયા, મીતા સંઘવી, નીરવ દેસાઈ, શંભુ વેદ, જાદવ પટેલ, રાજકુમાર રાવલ, સાધના બકુલ વ્યાસ, શૈલેન્દ્ર પંચાલ, પ્રફુલ જોશી, પ્રશાંત દોશી, ગિરા ઠક્કર, મીના શાહ, કીર્તિ વોરા, પારુલ દેસાઈ, જયેન્દ્ર અધ્યારૂ, વલસાડથી રમેશ ચાંપાનેરી, ગોંડલથી ચેતન જેઠવા, ભરૂચથી રણછોડ શાહ, વડોદરાથી બીના શેઠ તથા અમદાવાદથી નિપેશ પંડયા વગેરે વિવિધ ક્ષેત્રના મહાનુભાવોએ આ કાર્યક્રમમાં હાજરી આપી પોતાના વિચારો અને અભિપ્રાય વ્યક્ત કર્યા હતા.

એસ. વી. શાળામાં સ્વાતંત્ર્ય સ્વાતંત્રદિનની ઓનલાઈન ઉજવણી

ગાંધીનગર, તા. ૧૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત એસ. વી.ઈંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલમાં સ્વાતંત્રદિનની ઓનલાઈન ઉજવણી કરવામાં આવી હતી.

જૂનિયર અને સીનિયર કે. જી. ના બાળકોએ કેસરી, સફેદ અને લીલા રંગના વસ્ત્રો પરિધાન કરી, પોતાના માતા-પિતાની મદદથી ઘરમાં જ કેસરી, સફેદ અને લીલા રંગના ફુગ્ગા, ઝંડા, દુપટ્ટા, ફૂલો, ચાદર, મસૂરની અને મગની દાળ વગેરેથી સુંદર સજાવટ કરી હતી.

શિક્ષિકાઓએ બાળકોને સ્વાતંત્રદિનનું અને રાષ્ટ્રધ્વજનું મહત્વ સમજાવી, આઝાદીના લડવૈયાઓની ગાથા કહી, રાષ્ટ્રધ્વજમાં રંગો પૂરવાની એક્ટિવિટી કરાવી હતી.

આ તબક્કે શિક્ષિકાઓએ અને વાલિમિત્રોએ પણ કેસરી, સફેદ અને લીલા રંગના વસ્ત્રો પરિધાન કરી, બાળકોને પ્રોત્સાહન આપ્યું હતું.

અંતમાં, સૌએ રાષ્ટ્રગીતનું સમૂહગાન કરી, કાર્યક્રમની પૂર્ણાહુતિ કરી હતી.

'મુરકી મસ્તાને' વન વીક શૉના પ્રથમ દિનને ભવ્ય પ્રતિસાદ...

સ્મિત મ્યુઝિકે અઠવાડિયાના 'મુરકી મસ્તાને' (મુકેશ, રફી, કિશોર) શૉ પૈકી પ્રથમ દિવસને સુંદર પ્રતિસાદ સાંપડ્યો હતો. જેમાં ગાંધીનગરના ભરત ઠાકર, શ્રવણ પરમાર, હિમાંશુ પુરોહિતે સુંદર પરફોર્મન્સ આપી દર્શકોના દિલ જીતી લીધા હતા.

તક્ષશિલા વિદ્યાલય સેકટર-૧ ૩ ખાતે ધ્વજવંદન કાર્યક્રમ યોજયો

ગાંધીનગર, તા. ૧૮

તક્ષશિલા કેળવણી મંડળ સેકટર-૧ ૩ ખાતે સ્વાતંત્ર્ય દિનની ઊજવણી કોરોનાને કારમે સોશિયલ ડિસ્ટન્સને ધ્યાને રાખીને શાળાના જૂજ સ્ટાફની હાજરી સાથે કરવામાં આવી હતી. તથા ધ્વજવંદન શાળામાં કામ કરતા જીતુભઆઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

શાળા સંચાલક રાજેશકુમાર દવે, આચાર્ય ભરતભાઈ પ્રજાપતિ, રજનીકાન્ત દવે, શ્રીમતી બકુલાબેન ઠાકર ઉપસ્થિત રહ્યા હતા. સૌએ સાથે મળીને ધ્વજવંદન કરી ઝંડાને સલામી આપી હતી.

નર્સિંગ ટીચર્સ એસોસિએશન ઈન્ડિયાની ગુજરાત શાખા દ્વારા વેબિનાર

ગાંધીનગર, તા. ૧૮

નર્સિંગ ટીચર્સ એસોસિએશન ઈન્ડિયા (એનટીએઆઈ) ની ગુજરાત શાખા દ્વારા વેબિનાર શ્રેણીનો અંતિમ સત્ર ૧૬મી ઓગસ્ટે, સવારે ૧૧: ૩૦ વાગ્યે "ચિલ્ડ્રોડ ડેવલોપમેન્ટલ થિયરીઝ" પર જણાવાયું છે. રોગચાળાના અવરોધોને દૂર કરવા અને સમાજ અને આરોગ્ય કર્મચારીઓને અપડેટ કરવા શ્રેણીબદ્ધ વેબિનારો સાથે વર્ચુઅલ લર્નિંગ જાળવવા એનટીએઆઈએ એક મજબૂત પહેલ કરી છે. ક્રાઈસ્ટ કોલેજ ઓફ નર્સિંગના વાઈસ-પ્રિન્સિપલ શ્રીમતી અન્નમ પી, દિવસના સત્રને મધ્યસ્થ કરી હતી. તેમણે સ્રોત વ્યક્તિ શ્રી કાંતિભાઈ પટેલ, સરકારી કોલેજ ઓફ નર્સિંગ વડોદરાને શ્રોતાઓ સમક્ષ રજૂ કર્યા. કાંતિભાઈએ આધ્યાત્મિક વિકાસ સિદ્ધાંતના પ્રથમ સત્રની શરૂઆત તેમણે આધ્યાત્મિક વિકાસ સિદ્ધાંતના વિવિધ તબક્કાઓને વય યોગ્ય વર્ગના આધારે સમજાવ્યો. સુંદર ઉદાહરણોએ સત્રને ખૂબ સ્પષ્ટ અને સમજી શકાય તેવું બનાવ્યું. દિવસનો બીજો વિષય એટેચમેન્ટ થિયરી હતો, તેણે બાળકના વિવિધ જોડાણ પાસાઓને આવરી લીધા અને જોડાણ થિયરીના વિવિધ તબક્કાઓ સમજાવી. શ્રીમતી અન્નમ પી દ્વારા કરવામાં આવેલા એક ઈન્ટરેક્ટિવ સત્ર સાથે તે વિષયનો સરસ નિષ્કર્ષ હતો. ૩૪૮૦થી વધુ લોકોએ આ વેબીનારનો લાભ લીધો હતો.

રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી ફારુખ ખાને મુખ્ય અતિથિનો અદભુત આભાર માન્યો અને વિશેષ અતિથિએ સૌને અદભૂત આભાર આપીને વેબિનાર શ્રેણીની સમાપન કર્યુ.

કવિ હરદ્વાર ગોસ્વામીને પિતૃશોક

ગાંધીનગર, તા. ૧૮

તા. ૬ ઓગસ્ટ ૨૦૨૦ ના રોજ તળાજા ખાતે પવિત્ર શ્રાવણ માસમાં કવિ હરદ્વાર ગોસ્વામીના પિતાજી આંતરરાષ્ટ્રીય શિવકથાકાર ગિરિવરબાપુ કૈલાસવાસી થયા. તેઓ છેલ્લા ૬૦ વર્ષથી શિવતત્ત્વ ચિંતનનો પ્રચાર પ્રસાર કરી રહ્યા હતા. એમણે એન્જીનીયરીંગનો અભ્યાસ કર્યા બાદ સંસારી રંગ રાસ ન આવતા હિમાલયમાં મહામંડલેશ્વર અભિરામબાબાના શિષ્ય બની કેદારનાથની ગુફાઓમાં વર્ષો સુધી વાસ કર્યો. વર્ષો સુધી મૌન રહી શિવસાધના કરી હતી. ત્યારબાદ નરસિંહ મહેતાની જન્મભૂમિ તળાજા ગામમાં તળાજી નદીને કિનારે સ્વયંભૂ ભીડભંજન મહાદેવની ગાદીના મહંત તરીકે સ્થાનસ્થ થયા. સાત પેઢીની પરંપરાને આગળ ધપાવી. ત્રિવેણી મુકામે વિશ્વવંદનીય સંત મોરારિબાપુના વરદ હસ્તે 'શ્રેષ્ઠ કથાકાર'નું સન્માન પણ પ્રાપ્ત થયું હતું.

ગિરિવરબાપુ સમગ્ર ભારત સાથે લંડન, ઈંગ્લેન્ડ, દુબઈ, થાઈલેન્ડ, કેન્યા આફ્રિકા ઈત્યાદિ દેશોમાં પણ શિવ-પ્રવચન કરી ચૂક્યા. એમને શિવતત્ત્વ ગળથૂંથીમાં જ પાવામાં આવ્યું હતું અને આધ્યાત્મિક વાતાવરણમાં ઉછેર થયો હતો.

આપણી 'દેશભક્તિ' સીઝનેબલ બની રહી છે

માત્ર રાષ્ટ્રીય તહેવારો પર સોશિયલ મિડિયા પર છલકાઈ પડતી આપણી દેશભક્તિ બાકીના દિવસોમાં ક્યાં ખોવાઈ જાય છે ? શું કહે છે ગાંધીનગરના નાગરિકો આપણી 'સીઝનેબલ' રાષ્ટ્રપ્રેમ માટે

ગાંધીનગર, તા. ૧૮

સ્વાતંત્ર્ય પર્વ આંગણે ઉજવાઈગયો અને આ વર્ષે તો કોરોના મહામારીના કારણે ઘરે રહીને જ આ રાષ્ટ્રીય પર્વને સોશિયલ મિડિયા પર ઉજવવાનું જાણે "ભાવતું હતુ ને વૈદ્યે કીધું" જેવા ઘાટ સાથે કારણ મળી ગયું છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી સતત એવું અનુભવાઈ રહ્યું છે કે આપણી દેશભક્તિ પણ હવે 'સીઝનેબલ' થતી જાય છે, જ્યારે ૨૬મી જાન્યુઆરી કે ૧૫મી ઓગષ્ટ આવે ત્યારે તેમાં અચાનક ઉછાળો આવી જાય છે. હા ક્યારેક દેશની સરહદ પર તણાવ થાય કે ક્રિકેટ ટૂર્નામેન્ટની ફાઈનલમાં અથવા પડોશી દેશ સાથે ભારતની ટીમ ટકરાઈ રહી હોય ત્યારે દેશભક્તિ યાદ આવે છે પરંતુ વર્ષના બાકી દિવસો દરમ્યાન આપણે ખરેખર દેશદાઝ દાખવીએ છીએ ખરાં ? આપણે ભારતને વિશ્વગરૂ બનાવવાની વાતો તો બહુ કરીએ છીએ પરંતુ ખરેખર એક વિશ્વગુરૂ કહી શકાય તેવા રાષ્ટ્રની જનતા જેવો આપણો રાષ્ટ્રપ્રેમ છે ખરો ? આ એક મનોમંથન અંતર્ગત ગાંધીનગરના નાગરિકોના મંતવ્ય સ્વાતંત્ર્ય દિનની પૂર્વ સંધ્યાએ પ્રયાસ કર્યો હતો જે અત્રે સંક્ષિપ્ત સ્વરૂપે પ્રસ્તુત છે.

●●

"રાષ્ટ્રભક્તિ પણ વરસમાં બે વખત જ ઉજવાય છે બે વખત લહેરાય છે ત્રિરંગો નગરના ચોકમાં..."

મશહુર શાયર ખલીલ ધનતેજવીએ આ પંક્તિમાં ઘણું બધું કહી દીધુ છે. રાષ્ટ્રભક્તિને માત્ર બે દિવસ પૂરતી મર્યાદિત ન રાખતા આપણે એને જીવનમાં ઉતારવી જોઈએ. કારણ કે ધ્વજવંદન કરીને સોશિયલ મિડિયા પર ફોટો અપલોડ કરી દેવાથી દેશભક્તિને પુરી નથી કરી દેવાની પરંતુ સાચા અર્થમાં રોજીંદા જીવનમાં ઉતારીને આ દેશ માટે કંઈક કરી છુટવું છે તેવો ભાવ કેળવી તેને સાર્થક કરવો જરૂરી છે. દેશના સાચા નાગરિક તરીકે છેલ્લાં શ્વાસ સુધી દેશભક્તિ રહે તો જ ભારતના સાચા નાગરિક તરીકે ગર્વ થાય."

- ધ્રુવ પ્રજાપતિ "આઝાદ"

●●

"અત્યારના સમયમાં સૌ કોઈ પોતાના સુખ અને સગવડોને જ પ્રાધાન્ય આપે છે, અન્ય દેશોની સંસ્કૃતિથી આકર્ષાય છે. જેના કારણે આપણી રાષ્ટ્ર પ્રત્યે દેશભાવના ઘટે છે અને માત્ર રાષ્ટ્રીય પર્વ પુરતી સિમિત બની જાય છે. એમાં હવે તો સોશિયલ મિડિયા પર પોસ્ટ મુકવાની ફેશન થઈ ગઈ છે એટલે તેનો આનંદ બધા લે છે પરંતુ હકીકતમાં રાષ્ટ્ર પ્રત્યે આપણી જવાબદારી આપણે સ્વીકારવી પડશે ત્યારે જ આપણામાં સાચી રાષ્ટ્રભક્તિ ખિલશે. આ બાબતે જાગૃતિ લાવવી જરૂરી જણાય છે."



- ઝીલ ભાવસાર

●●

૧૫ ઓગસ્ટ પછી ૧૬ ઓગસ્ટે કોઈ તિરંગો રસ્તા પર જોવા મળે તો એને સ્વમાનભેર ઉઠાવી લેવો જોઈએ અને આ દેખાદેખીની દુનિયામાં લોકો તિરંગાની ગરિમા ભૂલતા જાય છે આ વાત યાદ રાખવા જેવી છે શહીદોની શહાદતથી આજે આઝાદીનો આરામ છે ટાઢ, તાપ ને વરસાદમાં સરહદના સીમાડે દેશરક્ષા માટે પોતાના પરિવાર થી દૂર રહી ને ઝઝુમતા મારા વીરોને પ્રણામ છે. આવો આપણે રાષ્ટ્રનાં હિત માટે સારા કાર્યો કરવાની પ્રતિજ્ઞા કરીએ. જેથી આપણાં ત્રિરંગાનું ગૌરવ અને પ્રતિષ્ઠા પણ વધે. આપણા ભારતમાતાને સ્વતંત્રતા અપાવવા માટે હજારો વીરોએ પોતાના બલિદાન આપી દીધા. પણ અંતે તો આઝાદી મેળવીને જ માન્યા. આપણે આટલા વર્ષ માત્ર એમને ફૂલોની શ્રદ્ધાંજલિ આપીને એમનું સન્માન કર્યું. પણ આજે હવે આપણા જોડે તક છે જયારે આપણે એમના આઝાદ કરેલા ભારત જે કોરોનાની ઝપેટ માં છે તેને આઝાદ કરાવીએ. જેમાં આપણું યોગદાન માત્ર એટલું કે પૂરતી સાવચેતી રાખીયે અને કોરોના વોરિયરનું સન્માન કરીએ. જો આજે આપણે આપણું આ નાનકડું યોગદાન આપીને આ જંગ જીતી લીધી તો એ જ એ ભારતના વીરો અને મહાન શહીદો માટે સાચી શ્રદ્ધાંજલિ હશે.

- રાજન ત્રિવેદી

●●

"૧૫મી ઓગષ્ટ હોય કે ૨૬મી જાન્યુઆરી, આજના સમયે દેશભક્તિ ફક્ત એક જ દિવસ પુરતી જાગી આવે છે તેનું કારણ મારા મતે શિક્ષણ છે કેમ કે આજનું શિક્ષણ માત્ર ડિગ્રી લેવા પુરતુ સિમિત બની ગયું છે. બાળકોને દેશની આઝાદીની લડત કે સંઘર્ષ અંગે ક્યારેય યોગ્ય મહત્વ સાથે ભણાવાયુ નથી કે નથી તેમને આ મહાન રાષ્ટ્રની મહાનતા અંગે જાગૃત કરવામાં આવ્યાં. બાલ મંદિરથી મહા વિદ્યાલય સુધી જ્યાં અભ્યાસક્રમમાં જ દેશભક્તિનો પાયો કાચો હોય ત્યાં ઈમારત ક્યાંથી બને."

- મહેન્દ્ર મોડિયા

●●

"આજે જ્યારે આપણે સ્વતંત્રતા દિવસ ઉજવી રહ્યાં છીએ ત્યારે પણ આપણે આઝાદીની નાનકડી લડાઈ લડવાની છે, આઝાદી કોરોનાથી જે રીતે ભારતના બહાદુર વીર ક્રાંતિકારીઓ રાષ્ટ્રની સ્વતંત્રતા માટે લડ્યાં હતા તે જ રીતે અને તેવી જ સમજદારીથી આપણે અત્યારે કોરોના મહામારી સામે જંગ લડવાનો છે અને જ્યારે આપણે આ લડાઈ જીતીશુ ત્યારે જ સાચા અર્થમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી સહિત તમામ સ્વાતંત્ર્ય સેનાનીઓને આપણી સાચી શ્રદ્ધાંજલિ અર્પણ કરેલી લેખાશે."

- સુરભી રેખા ખત્રી

●●

દેશમાં તમને ઠેર ઠેર રાષ્ટ્રગીતો, દેશભક્તિના ગીતો સાંભળવા મળશે.. ધ્વજ કાર પર, બાળકોના હાથમાં અને ઠેર ઠેર લટકાવેલા જોવા મળશે. શુ બે દિવસ દેશભક્તિના ગીતો ગાવાથી કે શહીદોને શ્રદ્ધાંજલિ આપીને જ આપણી ફરજ પૂર્ણ થઈ જાય છે ? ... ના.... દેશમાં વધતો આતંકવાદીઓનો ત્રાસ એટલો નથી દુઃખી કરતો જેટલી દેશમાં હાલ બની રહેલ ઘટનાઓ, દેશમાં ઘટતી મહિલાઓની સુરક્ષા, નાની બાળકીઓથી માંડીને મહિલાઓ સાથે વધતી જતી બળાત્કારની ઘટનાઓ.. આ બધુ જોઈને માથુ શરમથી નમી જાય છે. શુ આ એ જ ભારત છે જે રામ અને કૃષ્ણની જન્મભૂમિ છે... શુ આ એ જ ભારત છે જ્યા શહીદોએ ભારતમાતાને અંગ્રેજોની કેદમાંથી આઝાદ કરવા પોતાનું લોહી રેડ્યુ હતુ ? તો પછી એ જ ભારતની ભાવિ સંતાન આટલી વહેંશી કેવી રીતે હોઈ શકે.. ? કેમ આજે એ જ ભારતીય પુરૂષ વાસનામાં અંધ થઈને સ્ત્રીને બેઈજ્જત કરી રહ્યો છે. શુ આઝાદી પછી આપણે આ જ મેળવ્યુ છે.. આપણો દેશપ્રેમ માત્ર ૨૬ જાન્યુઆરી અને ૧૫ ઓગસ્ટ સુધી જ સીમીત છે ? દેશે કેવી રીતે આઝાદી મેળવી એ વાત તો હવે સૌ કોઈ જાણે છે.. પણ આ આઝાદીની ગરિમા કાયમ રાખવી એ ફરજ કોની છે ? પોલીસની ? સૈનિકની ? નહી આ બે તો માત્ર પહેરેદારો છે. ભારતની સ્વતંત્રતા અને તેની સંસ્કૃતિને સાચવવી એ દરેક ભારતીયની ફરજ છે. તેનુ કર્તવ્ય છે. તેનો દેશ ધર્મ છે.

- ઋત્વિ વ્યાસ

●●

"હમણાં જ જન્માષ્ટમી ગઈ અને દરેકે પોતાના બાળકોને કનૈયાનો શણગાર સજાવી ફોટા પાડી સ્ટેટસ મુકી કૃષ્ણભક્તિ દર્શાવી તેજ રીતે વર્ષમાં બે વાર ૧૫મી ઓગષ્ટ અને ૨૬મી જાન્યુઆરીએ આપણે દેશભક્તિ દર્શાવીએ છીએ. આવતીકાલે નાગરિકોમાં દેશભક્તિનો જુવાળ ઉમટી પડશે પરંતુ તે પછી ભુલાઈ જશે આપણે આ માનસિકતા બદલવાની તાતી જરૂર છે."

- શિલ્પા એ. વાઘેલા

●●

આજે આપણા દેશનો સ્વતંત્ર દિવસ છે અને સાથે જ આપણને દેશનાં લોકોની એક દિવસ ની દેશ ભક્તિ ફરીથી જાગૃત થઈ જશે પરંતુ દેશના યુવા તરીકે એટલું જ કહીશ કે લોકો જેટલું માન આ એક દિવસ માં દેશ પ્રત્યે આપે છે તેટલું રોજિંદા જીવનમાં પણ રાખવું જોઈએ તોજ આપણા દેશ આગળ આવશે.

- રૂચા રાવલ

●●

આપણો દેશ અને એનો વારસો જુનો છે. વારસો સાચવવા આજની જનરેશનને એના વિષે વધુમાં વધુ જાણવા મળે એ માટે સરકાર દ્વારા મોટા સોશિયલ મિડિયા કેમ્પેઈન ચલાવવા જોઈએ. સોશિયલ મીડિયા એ આજની જનરેશનનું અભિન્ન અંગ બની ગયું છે અને બેસ્ટ માધ્યમ બની શકે છે.

- બ્રિન્દેશ પટેલ

જન્મદિને વધામણી

રાહુલ સુખડિયા
રાધે-રાધે ગૃપ

યોગેશ પ્રતાપરાય ત્રિવેદી
નાટ્ય-ફિલ્મ કલાકાર



કેની બી પોપટ

શુભમ વાસુદેવ ત્રિવેદી
મો. ૯૦૯૯૦ ૭૫૧૯૨

ચાહના એન દવે
ચાહના ડાન્સ સ્ટુડિયો, વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર
મો. ૯૩૭૪૮ ૦૫૯૭૨

શ્રેયા નિતીન મેકવાન

મીત સઘાની
મો. ૯૬૨૪૯ ૯૪૩૦૪

શિવન્યા કલ્પેશકુમાર પ્રજાપતિ
મો. ૯૫૪૩ ૯૫૨૭૦

શિવાંશ સંદિપભાઈ વ્યાસ